ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 05th March, 2018

પ્રતિ,
તંત્રી શ્રી,
..........................................................................., ભાવનગર.

### ભાવનગર શહેરના આકાશમાં સુર્યાસ્ત સમયે જોવા મળશે શુક્ર અને બુદ્ધ ગ્રહ

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૬ વર્ષથી અદભૂત ખગોળીય વિવિધ ઘટનાના કાર્યક્રમો કરવામાં આવે છે.

આજના સમયમાં અવકાશ અને વિજ્ઞાન ને એક બીજાના પુરક સમજવામાં આવે છે. અવકાશમાં રહેલ અનેક તારાઓ, નક્ષત્રો અને ગ્રહો માનવીને અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં અવનવી શોધો કરવા માટે પ્રોત્સાહિત કરતુ રહ્યું છે. જેના પરિણામ સ્વરૂપે ટેલીસ્કોપ, સ્પેસ શટલ વિગેરે સાધનો આપણને પ્રાપ્ત થયા. આવા અનેક નયનરમ્ય અને કુતુહલતા સર્જે તેવી ઘટનાઓ માર્ચ, એપ્રિલ, મે અને જુન મહિનામાં આપણે નિહાળી શકીશું.

આપણા શહેરના આકાશમાં શુક્ર અને બુધ ગ્રહ નરી આખે જોઈ શકાય છે. આ ગ્રહોને વધુ નજીકથી ટેલિસ્કોપ દ્વારા નિહાળવા માટે તા. ૦૬-૦૩-૨૦૧૮ને મંગળવારના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ મારફત તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતે સાંજે સુર્યાસ્ત થી લઈને ૭ : ૪૫ કલાક સુધી વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉપરાંત ભાવનગરના જાણીતા ખગોળપ્રેમી પ્રા. સુભાષભાઈ મહેતા દ્વારા ગ્રહો, નક્ષત્રો અને રાશીઓ વિગેરેની વધુ માહિતી આપશે.

આ ખગોળીય ઘટનાને નિહાળવા માટે શહેરની તમામ ખગોળ રસિક જનતાને લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રી દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

૦૬-૦૩-૧૮
(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.